# ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ, રાજકોટ

પી.જી.વી.સી.એલ. રજી. અને કોર્પોરેટ કચેરી, લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ
**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**
**E-Mail- forum.pgvcl@gebmail.com**

**પી.જી.વી.સી.એલ./સીજીઆરએફ/૧૫/ક્વા-૧/૨૧-૨૨/૪૩૫૦-૪ તા.૨૦/૦૭/૨૦૨૧**

૨૦૦૩ ના ભારતીય વીજળી અધિનિયમની કલમ ૪૨ (૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં.૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં.૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ **(CGRF)**પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ**,** રાજકોટ સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No.PG- ૧૫/ક્વા-૧/૨૦-૨૧**

અરજદાર : ચંદુલાલ એસ. ઉપાધ્યાય ગામ: રાજકોટ
પેટા વિભાગીય કચેરી : બેડીનાકા
રજૂઆત કરનાર : અરજદાર ચંદુલાલ એસ. ઉપાધ્યાય અને તેમની સાથે જીતેન્દ્ર સી. ઉપાધ્યાય હાજર રહેલ છે.

## :: વિરુધ્ધ ::

સામાવાળા પક્ષકાર-૧ : કાર્યક્ષેત્ર : પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨
રજૂઆત કરનાર : કાર્યપાલક ઈજનેર શ્રી એન.ડી.રૂઘાણી પી.જી.વી.સી.એલ. વિભાગીય કચેરી - રાજકોટ શહેર-૨

સામાવાળા પક્ષકાર-૨ : એનર્જી એફીસિઅન્સી સર્વિસીઝ લીમીટેડ વતી તેના પ્રતિનિધિ તરીકે સીનીયર એન્જીનીયર શ્રી દર્શન વોરા હાજર રહેલ છે.

## :: કોરમ ::

૧**)** ચેરપર્સન - શ્રી જે.બી**.** પારેખ,
૨) મેમ્બર સ્વતંત્ર - શ્રીમતી નિતીનાબેન એચ. જોષી

સુનાવણી સ્થળ: કોન્ફરન્સ હોલ, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી, રાજકોટ
તારીખ: ૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૩-૦૭-૨૦૨૧ (મંગળવાર) ના રોજ રાખવામાં આવેલ હતી. જેમાં ઉપર મુજબ ના પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદાર જણાવે છે કે તેઓ ગ્રાહક નં.૩૧૪૦૪/૦૧૪૨૨/૫ થી બેડીનાકા પેટાવિભાગીય કચેરી હેઠળ રહેણાંક હેતુનું વીજજોડાણ ધરાવે છે તેમજ નિયમિત રીતે વીજબીલ ભરપાઈ કરી આપે છે. અરજદારના માહે જુન.-જુલાઈ-૨૦૧૭ થી એપ્રિલ-મે ૨૦૧૯ સુધીના વીજબીલમાં કુલ રૂ.૬૦૦/- ઉજાલા ઉપકરણોના ચાર્જ પેટે ચડત થયેલ છે. જે રકમ પરત મેળવવા માટે અરજદાર દ્વારા તા.૧૭.૦૫.૨૦૨૦ ના રોજ બેડીનાકા પેટાવિભાગીય કચેરી ખાતે અરજી કરેલ હતી. તેમજ વધુ વિગતો માટે કનક રોડ પર આવેલ હેડ ઓફિસમાં પણ અવાર નવાર તપાસ કરેલ પરંતુ અરજદારના પ્રશ્નનો નિકાલ થયેલ નથી. જેથી અરજદાર દ્વારા સદર કપાત થયેલ રકમ પરત મેળવવા માટે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજૂઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

૩.૦ અરજદારની રજૂઆત અન્વયે - પી.જી.વી.સી.એલ. પક્ષકાર તરફથી જણાવાયેલ કે બેડીનાકા સબડીવીઝન ના ગ્રાહકનંબર- ૩૧૪૦૪/૦૧૪૨૨/૫ શ્રી ચંદુલાલ એસ. ઉપાધ્યાય દ્વારા પોતાના રહેણાંક વીજજોડાણમાં ઉજાલા ચાર્જ બંધ કરવા બાબત ફોરમ સમક્ષ ફરિયાદ કરેલ છે.

૩.૧ ગ્રાહક શ્રી ચંદુલાલ એસ. ઉપાધ્યાય તા.૦૬.૦૭.૨૦૦૬ થી ગ્રાહકનંબર- ૩૧૪૦૪/૦૧૪૨૨/૫ થી ૦.૫ કે.વી. રહેણાંક વીજજોડાણ બેડીનાકા સબડીવીઝનન હેઠળ ધરાવે છે. અરજદારના વીજબીલમાં માહે –જુન-જુલાઈ-૨૦૧૭ થી ઉજાલા બલ્બના ચાર્જ કપાત હપ્તેથી કરવામાં આવેલ હોય જે અરજદારના ૧૪૫ PRT મુજબ ખરાઈ કરતા નીચે મુજબ રકમ ગ્રાહક ખાતે બાકી આવે છે.

| બિલિંગ મહિનો | ઉજાલા ચાર્જ ની રકમ (રૂપિયામાં) |
|---|---:|
| જુન-જુલાઈ-૧૭ | ૬૦=૦૦ |
| ઓગસ્ટ-સપ્ટેમ્બર-૧૮ | ૧૨૦=૦૦ |
| ઓક્ટોબર-નવેમ્બર-૧૮ | ૧૨૦=૦૦ |
| ડીસેમ્બર-જાન્યુ-૧૯ | ૧૨૦=૦૦ |
| ફેબ્રુ-માર્ચ-૧૯ | ૧૨૦=૦૦ |
| એપ્રિલ-મે-૧૯ | ૬૦=૦૦ |
| ટોટલ | ૬૦૦=૦૦ |

૩.૨ અરજદાર દ્વારા હપ્તેથી કપાયેલ ઉજાલા ચાર્જની રકમ જમા આપવા માટે અરજી કરેલ છે જેમાં તેઓ દ્વારા ઉજાલાના ઉપકરણોનો ચાર્જ ભરેલ છે તે પરત આપવા રજૂઆત કરેલ છે. વધુમાં સદર બાબતે જણાવાયેલ છે કે અત્યારે હાલ ઓનલાઈન ઉજાલા રજીસ્ટ્રેશન એલટી બિલિંગ સીસ્ટમ મુજબ ગ્રાહક જયારે ફરિયાદ લઇ આવે છે ત્યારે તેમાં રજીસ્ટ્રેશન કરવામાં આવે છે આ રજીસ્ટ્રેશન થયા પછીના હપ્તા બંધ થઇ જાય છે અને જે ચડત હપ્તા થઇ ગયેલ છે તે બાબતે વડી કચેરી દ્વારા પત્ર નં.-પીજીવીસીએલ/રેવ/૨૦૧૮-૧૯/LTB-1/૧૩૬૬ તા.૩.૧૦.૨૦૧૮થી આપેલ માર્ગદર્શન મુજબ EESL (એનર્જી એફીસીયન્સી સર્વિસીઝ લી.) ને ડેટા જી.યુ.વી.એન.એલ. તરફથી મોકલવામાં આવે છે અને આ પ્રકારનો ડેટા EESL ને ૧૫ દિવસ માં યોગ્ય નિરાકરણ કરવા અર્થે આપવામાં આવે છે જેમાં EESL ગ્રાહક દ્વારા કરવામાં આવેલ ફરિયાદ સાથે સહમત થશે તો ગ્રાહક પાસેથી બાકી રહેલા ઉજાલા ઈ.એમ.આઈની રીકવરી કાયમી ધોરણે બંધ કરવામાં આવશે તેમજ ગ્રાહકના ખાતામાં રહેલી ઉજાલા ઈ.એમ.આઈ પેટેની બાકી રકમ સીસ્ટમ લેવલે જરૂરી એડજેસ્ટમેન્ટ આપીને મજરે આપવામાં આવે છે.

**૩.૩ આમ, સદર ગ્રાહકની અરજીના અનુસંધાને તેઓનું ઉજાલા રીપોર્ટસ મુજબ ગ્રાહકશ્રીના કનેક્શન નંબર- ૩૧૪૦૪/૦૧૪૨૨/૫ નું રજીસ્ટ્રેશન ઈ-ઉર્જા માં સબડીવીઝન દ્વારા કરવાથી ઉજાલા બલ્બના ચાર્જ બીલમાં બંધ થયેલ છે અને હવે ઉપલી કચેરી એટલેકે જી.યુ.વી.એન.એલ. દ્વારા ગ્રાહકના ખાતામાં ઓટો ડાયરેક્ટ ઓનલાઈન ક્રેડિટ આપવામાં આવશે.**

## :: ઈ.ઈ.એસ.એલ.ની રજૂઆત ::

૪.૦ અરજદારની ફરિયાદ અન્વયે **EESL** દ્વારા ઈમેઈલ તા.૨૫-૦૬-૨૦૨૧ થી જણાવેલ કે ગ્રાહક નં. ૩૧૪૦૪/૦૧૪૨૨/૫ અન્વયે ઉજાલા એપ્લાયન્સીસ હપ્તેથી ખરીદ કરાયેલ છે જે અંતર્ગત **EESL** કંપની દ્વારા કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્રક (ડેબીટ બીલ) રજુ કરેલ છે તેની સાથે અરજદારનું માહે જુન-જુલાઈ-૨૦૧૬ના વીજબીલ અને સદર બીલની ભરપાઈ કરેલ રસીદ સાથે આધારકાર્ડની નકલ જોડેલ છે.

## :: હુકમ ::

૫.૦ અરજદારે કરેલ લેખિત તેમજ મૌખિક રજૂઆત તથા સામાવાળા પક્ષકારનં -૧ અને ૨ ની લેખિત તેમજ મૌખિક રજૂઆત અને રજૂ કરાયેલા દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ દ્વારા નીચે મુજબનો નીર્ણય કરાયેલ છે.

૫.૧ અરજદારની રજૂઆત અન્વયે બેડીનાકા પેટાવિભાગીય કચેરી કાર્યક્ષેત્ર હેઠળ ગ્રાહક નં. ૩૧૪૦૪/૦૧૪૨૨/૫ થી ચંદુલાલ એસ. ઉપાધ્યાયના નામે વીજજોડાણ ધરાવે છે. તેઓના માહે જુન-જુલાઈ-૧૭ થી માહે એપ્રિલ-મે-૧૯ ના વીજબીલમાં ઉજાલા ઉપકરણોની રકમ ઉધારવામાં આવે છે તે રકમ પરત મેળવવા બાબતે ફોરમ સમક્ષ રજૂઆત કરેલ છે.

૫.૨ અરજદારની રજૂઆત અન્વયે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા કરેલ લેખિત રજૂઆત મુજબ - ઉપરોક્ત મુદ્દા નં. ૩.૧ મુજબ કંપની દ્વારા અપાયેલ ડેટા મુજબ સદર ગ્રાહકના પી.આર.ટી.-૧૪૫ મુજબ વીજબિલમાં ઉજાલા ચાર્જની રકમ માહે જુન-જુલાઈ-૧૭ થી માહે એપ્રિલ-મે-૧૯ સુધીમાં કુલ રૂ.૬૦૦/- ડેબીટ કરાયેલ છે. જયારે પી.જી.વી.સી.એલ. પક્ષકાર દ્વારા રજુ કરાયેલ ઉજાલા રીપોર્ટ મુજબ સદર ગ્રાહક દ્વારા તા.૦૧-૦૯-૨૦૧૬ થી ૦૮ નંગ ની કિંમત –રૂ.૫૪૦/- જે રૂ.૬૦/- ના ૦૯(નવ) **E.M.I.** અને મોબાઈલ નં – ૯૨૨૮૭૪૯૭૨૮ નોંધાયેલ છે જે અરજદારના બીલમાં રૂ.૬૦૦/- ડેબીટ કરાયેલ છે તેની સાથે સુસંગત નથી.

૫.૩ **EESL**દ્વારા રજૂ કરવામાં આવેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) તા.૧૨.૦૮.૨૦૧૬ નું છે જેમાં ૦૯ વોટ એલ.ઈ.ડી. બલ્બ - **E.M.I.** થી ખરીદેલ છે તેમ બતાવેલ છે. જેમાં ખરીદનારનું નામ ચંદુલાલ એસ. ઉપાધ્યાય છે અને મોબાઈલ નંબર – ૯૨૨૮૭૪૯૭૨૮ અને સહી સી.એસ.ઉપાધ્યાય છે. તેમજ અરજદારનું માહે જુન-જુલાઈ-૨૦૧૬નું વીજબીલ અને સદર બીલની ભરપાઈ કરેલ રસીદ તા.૦૮-૦૮-૧૬ અને અરજદારના આધારકાર્ડની નકલ રજુ કરેલ છે.

૫.૪ ઉપરોક્ત મુદ્દા નં ૫.૩ મુજબની વિગતે – અરજદારને જણાવતા – અરજદાર દ્વારા જણાવેલ છે કે કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) માં સહી ફોરમ મીટીંગ માં હાજર રહેલ અરજદારના પુત્ર જીતેન્દ્ર સી. ઉપાધ્યાય ના પુત્ર વરુણ જીતેન્દ્રભાઈ ઉપાધ્યાય દ્વારા કરેલ છે તેમ સ્વીકારેલ છે તેમજ તેઓ જે તે વખતે સદર કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) માં દર્શાવેલ મોબાઈલ નંબર ધરાવતા હતા જે બાબત અરજદારના પુત્ર દ્વારા સ્વીકારેલ છે.

૫.૫ ઉપરોક્ત મુદ્દા નં.૫.૩ મુજબ અરજદારના વીજબીલના ખાતામાં ઉધારેલ ઉજાલા એપ્લાયન્સીસના ચાર્જ વસુલેલ છે જે યોગ્ય છે પરંતુ કંપની દ્વારા રજુ કરેલ કેશ મેમોરેન્ડમ અને સમંતિપત્ર (ડેબીટ ઇન્વોઇસ) મુજબ વસુલવા પાત્ર રકમ રૂ.૬૮૦/- તથા પી.જી.વી.સી.એલ. દ્વારા રજુ કરેલ ઉજાલા રીપોર્ટ મુજબ વસુલ કરેલ રકમ રૂ.૬૦૦/- સુસંગત જણાતી ન હોય જેથી પી.જી.વી.સી.એલ.ના ઉજાલા રીપોર્ટ મુજબ અરજદારના વીજબીલના ખાતામાં જરૂરી રકમ ડેબીટ કરીને નિયમ મુજબ કાર્યવાહી કરવી. કરાયેલ કાર્યવાહી અરજદાર તેમજ અત્રેના ફોરમને લેખિતમાં જાણ કરવા પી.જી.વી.સી.એલ. પક્ષકાર ને સુચના આપવામાં આવે છે.

૫.૬ ઉપરોક્ત મુદ્દા નં. ૫.૫ મુજબની વિગતે હુકમ કરવામાં આવે છે.

૫.૭ આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | |
|---|---|
| **(એન.એચ.જોષી)** | **(જે.બી.પારેખ)** |
| **સભ્ય (સ્વતંત્ર)** | **ચેરપર્સન** |

**નોંધ:**

**(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન ૩૦ માં વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે. આ સાથે વિદ્યુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.**

**(૨) ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો' ૨૦૧૯ જાહેરનામા નં.૨/૨૦૧૯ ની કલમ ૩.૧૯ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશે તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે. કલમ ૩.૧૯ (૮) મુજબ ફરિયાદીએ જરૂરી હોય તો ફોરમના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચૂકવણીની સાબિતી રજૂ કરી હોય, તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.**

**(૩) લોકપાલ નું સરનામું: વિદ્યુત લોકપાલની કચેરી, બ્લોક નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫. ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯**